**SPC 4 (II)**

## PROVISIONAL ANSWER KEY

**Name Of The Post : Section Officer (Special Competitive Exam)**

| | |
|---|---|
| **Preliminary Test Held On** | **18-11-2018** |
| **Que. No.** | **01-50(General Study)** |
| **Publish Date** | **19-11-2018** |
| **Last Date To Send Suggestion (S)** | **29-11 -2018** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. ઈ.સ. 1948 માં કાઠીયાવાડના રાજ્યોનું સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીનીકરણ કરવામાં આવ્યું અને તેને .......... કક્ષાના રાજ્ય તરીકે ગણવામાં આવ્યું.

(A) A
(B) B
(C) C
(D) D

002. કચ્છનો ડુંગરાળ વિસ્તાર મુખ્યત્વે .......... ખડકો ધરાવે છે.

(A) અગ્નિકૃત
(B) પ્રસ્તર
(C) વિકૃત
(D) બેસાલ્ટ

003. "સુવાલીની ટેકરીઓ" .......... ની વચ્ચે આવેલી છે.

(A) દ્વારકાથી વેરાવળ
(B) ગાપનાથી ઘોઘા
(C) મહીથી ઢાઢરના મુખપ્રદેશ
(D) માણાવદરથી પોરબંદર

004. ગાગા અભ્યારણ .......... જિલ્લામાં આવેલું છે.

(A) જામનગર
(B) અમરેલી
(C) પોરબંદર
(D) દેવભૂમિ દ્વારકા

005. .......... ગુજરાતનો પ્રદેશ ઈસબગુલના વાવેતરનો અગત્યનો વિસ્તાર છે.

(A) મધ્ય
(B) પૂર્વ
(C) ઉત્તર
(D) દક્ષિણ

006. પ્રતિચક્રવાતોના મધ્યમાં હવાનું દબાણ .......... હોય છે.

(A) ભારે
(B) હલકું
(C) મધ્યમ
(D) સતત બદલાતું રહેતું

007. ગુજરાતની રમતવીર, સરિતા ગાયકવાડે તાજેતરમાં યોજાયેલ એશિયન રમતો 2018 માં ........ માં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

(A) 400 મીટર દોડ
(B) 400 મીટર વિઘ્ન દોડ
(C) 400 મીટર રીલે દોડ
(D) હેપ્ટાથ્લોન

008. ભારતનું પ્રથમ સમાનવ અવકાશયાન ગગનયાન .......... રોકેટ દ્વારા છોડવામાં આવશે.

(A) PSLV
(B) GSLV
(C) ASLV
(D) SLV-3

009. તાજેતરમાં ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલ લી. (GNFC) એ ખાતર સબસીડી સંચાલન માટે બ્લોકચેન ટેકનોલોજીના ઉપયોગ બાબતે .......... સાથે કરાર કર્યો છે.

(A) ISRO
(B) FICCI
(C) DRDO
(D) NITI આયોગ

010. દહીંમાં .......... એસિડ હોય છે.

(A) લેક્ટિક
(B) એસિટીક
(C) ફોલીક
(D) સાઈટ્રીક

011. Windows XP માં XP એટલે ..........

(A) એક્સ્ટ્રા પાવરફુલ (Extra-Powerful)
(B) એક્સપીરીયન્સ (Experience)
(C) એક્સટેન્ડેડ પ્લેટફોર્મ (Extended Platform)
(D) એડીટેડ પરફોરમન્સ (Edited Performance)

012. 1953 માં પ્રથમ અન્ય પછાતવર્ગોના આયોગનું ઘટન કોના અધ્યક્ષપણા હેઠળ થયું હતું ?

(A) બાબાસાહેબ આંબેડકર
(B) બાબુ જગજીવનરામ
(C) કાકા કાલેલકર
(D) જસ્ટીસ એમ. પતંજલી શાસ્ત્રી

013. ભારતમાં નીચેના પૈકી કઈ બાબતે ગાંધીજી સૌ પ્રથમ વાર સ્વાતંત્ર્ય સંગ્રામ ચળવળ દરમ્યાન ઉપવાસ ઉપર બેઠાં હતાં ?

(A) ચૌરી-ચૌરા કાંડ
(B) પુના કરાર
(C) બારડોલી સત્યાગ્રહ
(D) અમદાવાદ મિલ હડતાલ

014. "ગીતા રહસ્ય"ના લેખક .......... છે.

(A) બાલ ગંગાધર તીલક
(B) અરવિંદ ઘોષ
(C) દયાનંદ સરસ્વતી
(D) સ્વામી વિવેકાનંદ

015. નીચેના પૈકી કયા સંયુક્ત રાષ્ટ્રોના બિન-સભ્ય કાયમી નિરીક્ષકો છે ?

(A) સ્વિત્ઝરલેન્ડ અને ફીનલેન્ડ
(B) ગ્રીનલેન્ડ અને દક્ષિણ આફ્રીકા
(C) હોલી સી અને પેલેસ્ટાઈન
(D) તાઈવાન અને હોંગકોંગ

016. દાંડી કૂચ દરમ્યાન કયા સંગીતકારે પ્રખ્યાત ભજન "રઘુપતિ રાઘવ રાજા રામ" ગાયું હતું ?

(A) શ્રી જગતનારાયણ
(B) વિષ્ણુ દિગંબર પાલુષ્કર
(C) હરિદાસ મજમુદાર
(D) ગજાનન ખરે

017. તાજેતરમાં કયા દેશમાં યુથ ઓલિમ્પિક્સ યોજાઈ ?

(A) ચીન
(B) ઈંગ્લેન્ડ
(C) આર્જેન્ટિના
(D) કેનેડા

018. "શેલ" (Shell) કંપની એટલે શું ?

(A) ફક્ત નિકાસ કરતી કંપની.
(B) માત્ર બિનકાયદેસર વ્યવહારો અને નાણાની હેરફેર માટે ઉભી કરવામાં આવે છે.
(C) સેન્સેક્સ તેમજ નાસ્ડેક બંને ઉપર જે કંપનીના શેરની લે-વેચ થતી હોય.
(D) જે કંપનીમાં 51% હિસ્સો સરકારનો હોય.

019. કયા પ્રકારના આદિવાસી નૃત્યમાં ઢોલ-શરણાઈની જરૂર પડતી નથી અને સ્ત્રીઓ અને પુરુષો જૂથો જમાવીને માત્ર ગીતો ગાઈ નૃત્ય કરે છે ?

(A) ટીમલી
(B) માટલી
(C) ઘેરૈયા
(D) હાલેણી

020. જોડકાં જોડો.

| લેખક | નવલકથા |
|---|---|
| 1. અશ્વિની ભટ્ટ | a. જીવનના ખંડેર |
| 2. હરકિશન મહેતા | b. અંગાર |
| 3. ધૂમકેતુ | c. હું, કોનારક શાહ... |
| 4. ચંદ્રકાન્ત બક્ષી | d. જડ ચેતન |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(B) 1 - d, 2 - b, 3 - a, 4 - c
(C) 1 - d, 2 - b, 3 - c, 4 - a
(D) 1 - b, 2 - d, 3 - c, 4 - a

021. આપારાવ ભોલેનાથ પુસ્તકાલય ક્યાં આવેલું છે ?

(A) વડોદરા (B) ભાવનગર

(C) અમદાવાદ (D) જામનગર

022. ગુજરાતના વિખ્યાત સંગીતકાર બૈજુ બાવરાનું જન્મસ્થળ .......... છે.

(A) બાલાસિનોર (B) પાવાગઢ

(C) ડાકોર (D) દ્વારકા

023. ધ્રાંગમાં .......... ની સમાધિ આવેલી છે.

(A) બાપા સીતારામ (B) સંત દાદુ દયાળ

(C) ગંગાસતી (D) મેકરણ દાદા

024. વીરપુરના સંત જલારામ બાપાના ગુરૂ કોણ હતાં ?

(A) શ્યામલ ભટ્ટ (B) પ્રેમાનંદ

(C) વલ્લભાચાર્ય (D) ભોજા ભગત

025. નીચેના પૈકી કયા સાહિત્યકાર "મુમુક્ષુ" તરીકે જાણીતા છે ?

(A) આનંદશંકર ધ્રુવ (B) પન્નાલાલ પટેલ

(C) પ્રિયકાન્ત પરીખ (D) મણિલાલ દ્વિવેદી

026. 'ગુજરાત સાહિત્ય સભા' અને 'ગુજરાત સાહિત્ય પરિષદ'ની સ્થાપના કોણે કરી હતી ?

(A) રમણલાલ દેસાઈ (B) રમણભાઈ નીલકંઠ

(C) રણજીતરામ મહેતા (D) બળવંતરાય ઠાકોર

027. નીચેના પૈકીની કઈ ભારતની જાહેર ક્ષેત્રની સૌથી જૂની બેંક છે ?

(A) પંજાબ નેશનલ બેંક (B) ઈમ્પીરીયલ બેંક ઓફ ઈન્ડીયા

(C) અલ્હાબાદ બેંક (D) સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા

028. ભારતની નીચેના પૈકી કઈ કૃષિ પેદાશ સૌથી વધુ નિકાસ મૂલ્ય ધરાવે છે ?

(A) ચા (B) બાસમતી ચોખા

(C) મસાલા (D) કપાસ

029. માર્ચ 2018 અંતિત ભારતના બાહ્ય ઋણ (External debt) માં સૌથી મોટો હિસ્સો .......... નો છે.

(A) NRI જમા રાશિ (NRI deposits)

(B) ટૂંકા ગાળાની વેપાર ક્રેડીટ (Short terms trade credit)

(C) વિદેશી વિનિમય અમાનત (Foreign exchange reserve)

(D) વાણિજ્યિક ઉધાર (Commercial borrowings)

030. નીચેના પૈકી કયું સીધુ વિદેશી રોકાણ (FDI - Foreign Direct Investment) અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII - Foreign Institutional Investment) વચ્ચેનો તફાવત સૌથી સાચી રીતે દર્શાવે છે ?

(A) સીધુ વિદેશી રોકાણ મૂડી, ટેકનોલોજી અને સંચાલન લાવે છે જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણ ફક્ત મૂડી લાવે છે.

(B) સુધી વિદેશી રોકાણ ચોક્કસ ક્ષેત્રે આવે છે જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણ રોકાણ વિદેશી મૂડીની ઉપલબ્ધી વધારવામાં મદદ કરે છે.

(C) વિદેશી સંસ્થાકીય રોકાણ વધુ સ્થિર / સ્થાયી છે.

(D) વિદેશી સંસ્થાકીય રોકાણ પ્રાથમિક તેમજ દ્વિતિય એમ બંને ક્ષેત્રોને લક્ષ્યાંક બનાવે છે જ્યારે સીધુ વિદેશી રોકાણ ફક્ત પ્રાથમિક ક્ષેત્રને લક્ષ્યાંક બનાવે છે.

031. મહાત્મા ગાંધીની 150 ની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે "ઈન્ડીયા ફોર હ્યુમેનીટી" (India for Humanity) પહેલ .......... દ્વારા શરૂ કરવામાં આવી.

(A) ગૃહ મંત્રાલય
(B) વડાપ્રધાન કાર્યાલય
(C) વિદેશ મંત્રાલય
(D) NITI આયોગ

032. તાજેતરમાં ભારતે રશિયા સાથે .......... મિસાઈલ સીસ્ટમ ખરીદવા માટેની સમજૂતી કરી છે ?

(A) Tungaska - 200
(B) S - 400 Triumf
(C) Anatov - 400
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

033. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ "સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામિણ એવોર્ડ - 2018"માં ગુજરાતનો ક્રમ .......... હતો.

(A) પ્રથમ
(B) દ્વિતિય
(C) તૃતીય
(D) પાંચમો

034. ભારતની સર્વોચ્ચ અદાલતમાં આઈ.પી.સી.ની કલમ 377 બાબતે નીચેના પૈકી કઈ બિન સરકારી સંસ્થાએ (NGO) લડત આપી હતી ?

(A) સેવા (SEVA)
(B) એન.એચ.એસ. ફાઉન્ડેશન
(C) પ્રાઈડ ફાઉન્ડેશન
(D) નાઝ ફાઉન્ડેશન

035. તાજેતરમાં ભારત-જાપાનની દ્વિપક્ષીય દરિયાઈ કવાયત .......... ખાતે યોજાઈ હતી.

(A) મુંબઈ
(B) ચેન્નાઈ
(C) વિખાખાપટ્ટનમ
(D) કંડલા

036. કમાન્ડ એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ .......... માટે શરૂ કરવામાં આવ્યો.

(A) સિંચાઈ ક્ષમતાનો બહેતર ઉપયોગ સુનિશ્ચિત કરવા
(B) જમીન ખેડૂતોને મળે તે સુનિશ્ચિત કરવા
(C) સૈન્ય હકુમત હેઠળની જમીનનો વિકાસ કરવા
(D) પસંદ કરાયેલા વિસ્તારોમાં ગરીબી નિવારણ કરવા

037. રાષ્ટ્રપતિ ઉપર સંવિધાનના ઉલ્લંઘન માટે સંસદના કયા ગૃહમાં મહાઆરોપની કાર્યવાહી હાથ ધરવામાં આવશે ?

(A) લોકસભા
(B) રાજ્યસભા
(C) લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં
(D) સંસદના બેમાંથી કોઈપણ ગૃહમાં

038. વિધાનસભામાં અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે સભામાં તેમને નીચેના પૈકી કઈ બાબતે હક રહેશે નહીં.

1. કાર્યવાહીમાં હાજર રહેવાનો હક્ક
2. કાર્યવાહીમાં ભાગ લેવાનો અને બોલવાનો હક્ક
3. મતો સરખા પડે ત્યારે મત આપવાનો હક્ક
4. અધ્યક્ષસ્થાન લેવાનો હક્ક

(A) ફક્ત 4
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4

039. બંધારણના અનુચ્છેદ 203 હેઠળ .......... ની ભલામણ વગર અનુદાન માટેની કોઈ માંગણી કરી શકાશે નહીં.

(A) રાજ્યપાલ
(B) નાણામંત્રી
(C) નાણા સચિવ
(D) મુખ્યમંત્રી

040. બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ જનસમૂહ માટે આવશ્યક પુરવઠો અને સેવાઓની જાળવણી સાથે સંબંધ ધરાવતા કારણો માટે નિવારક અટકાયત કઈ યાદીમાં સમાવિષ્ટ છે ?

(A) રાજ્ય યાદી
(B) સમવર્તી યાદી
(C) સંઘ યાદી
(D) ઉપરના પૈકી કોઈ નહીં

041. સર્વોચ્ચ ન્યાયાલયમાં ન્યાયાધીશ તરીકે નિમણૂંક પામવા સારૂ ઉચ્ચ ન્યાયાલયમાં એડવોકેટ તરીકે ઓછામાં ઓછો કેટલા વર્ષનો અનુભવ જરૂરી છે ?

(A) 18
(B) 15
(C) 12
(D) 10

042. સ્વર્ણસિંહ સમિતિએ નીચેના પૈકી કઈ બાબતે ભલામણો કરી હતી ?

(A) પંચાયતી રાજ
(B) હિમાલય અને દ્વિપકલ્પીય નદીઓનું જોડાણ
(C) બંધારણમાં મૂળભૂત ફરજોનો સમાવેશ
(D) જાહેર સેવા આયોગ

043. 7, 26, 63, 124, .......... ?

(A) 215
(B) 181
(C) 176
(D) 151

044. $12 + 22 \div 11 \times (18 \div 3)^2 - 10 =$ ..........

(A) 62
(B) 364
(C) 74
(D) 264

045. વિજય તેના વર્ગમાં ઉપરથી 9મા ક્રમે છે અને નીચેથી 38મા ક્રમે છે તો તેના વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 47
(B) 46
(C) 45
(D) 44

046. ભારતીય નૌકાદળના જહાજમાં મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ લગાવવા માટે તાજેતરમાં ઈઝરાયેલની એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝે .......... સાથે કરાર કર્યો છે.

(A) ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL)
(B) ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)
(C) સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC)
(D) ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)

047. ભારતીય ક્રિકેટ ટીમે કોની કેપ્ટનશીપ હેઠળ સૌથી વધુ ટેસ્ટ મેચો જીતી છે ?

(A) કપીલ દેવ
(B) એમ. એસ. ધોની
(C) સૌરવ ગાંગુલી
(D) વિરાટ કોહલી

048. દુષ્કાળ નક્કી કરવા માટે નીચેના પૈકી કઈ બાબતો ધ્યાને લેવામાં આવે છે ?

1. વરસાદનું પ્રમાણ
2. વાવેતર વિસ્તાર
3. ઉપગ્રહ દ્વારા રીમોટ સેન્સીંગ અન્વયે પ્રાપ્ત થયેલી વિગતો
4. જમીનમાં ભેજનું પ્રમાણ

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

**049.** રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (RSBY) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ યોજના હેઠળ મુખ્યત્વે ગરીબી રેખા હેઠળના કુટુંબના મહત્તમ 5 વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

2. હવે આ યોજના હેઠળ નવા જન્મેલા બાળકને 6th (છઠ્ઠા) વ્યક્તિ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

3. સદર યોજના હેઠળ નોંધાયેલ કુટુંબને વાર્ષિક રૂા. 30,000 સુધીનું આરોગ્ય વીમા કવચ દર વર્ષે પુરૂ પાડવામાં આવે છે.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

**050.** રાજ્ય સરકારશ્રીના તાલુકા સેન્ટ્રીક એપ્રોચ (Taluka Centric Approach) હેઠળ 50 સુધીના ગામો ધરાવતા તાલુકાઓને, 51 થી 100 સુધીના ગામો ધરાવતા તાલુકાઓને અને 100 થી વધુ ગામો ધરાવતા તાલુકાઓને અનુક્રમે વાર્ષિક ......... કરોડની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

(A) 1, 1.50 અને 2
(B) 1, 2 અને 3
(C) 1, 1.25 અને 1.50
(D) 1.25, 1.50 અને 1.75